**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer


5 જૂન 2021/7293

પ્રતિ,
**શ્રી કે. કે. નિરાલા**
અધિક સચિવ
ગૃહ વિભાગ
ગાંધીનગર

**વિષય : રાજ્યની પ્રાઇવેટ ઓફિસોને 100% સ્ટાફની હાજરી ની છૂટછાટ આપવા અંગે**
**સંદર્ભ : ગૃહ વિભાગનો તા: 5/06/2021 નો પરિપત્ર ક્રમાંક : પરચ- 102020-501-ટ**

માનનીય સાહેબશ્રી,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી શુભેચ્છાઓ.

સૌ પ્રથમ કોવિડની બીજી લહેર દરમિયાન ગૃહ વિભાગ દ્વારા જે સુદ્રઢ કામગીરી કરવામાં આવી છે તેને હું બિરદાવું છું.

સાહેબ શ્રી આપશ્રી ના ધ્યાને લાવવાવનું કે કોવિડની બીજી લહેરના કારણે રાજ્યના મોટા ભાગના ઉદ્યોગોએ સ્વયંભૂ બંધ પાડ્યું હતું અને મીની લોકડાઉન, 50% સ્ટાફ અને રાત્રી કર્ફ્યુ ને કારણે ઉદ્યોગોને ઘણી વિપરીત પરિસ્થિતિ નો સામનો કરવો પડ્યો છે અને ઘણા મહત્વના કામો પણ સ્ટાફની ગેરહાજરી ને કારણે  બાકી રહેલ છે.

હાલમાં જ્યારે કોવિડ ના કેસો ઓછા થઇ રહ્યા છે અને પરિસ્થિતિ પણ સામાન્ય તરફ થઇ રહી છે ત્યારે સરકારી કચેરીઓ/ અર્ધ સરકારી કચેરીઓ/બોર્ડ અને કોર્પોરેશનમાં ઉપરોક્ત પરિપત્રથી 100% સ્ટાફનો હુકમ કરેલ છે. ખાનગી ક્ષેત્રની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને ખાનગી ઓફિસોને પણ 100% સ્ટાફ ની હાજરી ની પરવાનગી આપવામાં આવે તેવી અમારી આપશ્રી ને નમ્ર વિનંતી છે.

રાજ્યની તમામ ખાનગી ઓફિસો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ કોવિડ -19 ની તમામ સૂચનાઓ નું પાલન કરશે તેવી અમને ખાતરી છે.

આપશ્રી અમારી રજૂઆતને ધ્યાને લઇ ને સકારત્મક નિર્ણય લેશો તેવી આશા સહ

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
પ્રમુખ